૧ પ્રાતઃકાળમાં ઊઠી પ્રથમ માતા અને પિતાને પગે પડી નમસ્કાર કરવો અને તેમના આશિર્વાદ સાંભળવા, (૨) માતા પિતાની આજ્ઞા મુજબ ખાવા પીવા ન્હાવા આવવા જવા બેસવામાં વર્તવું. (૩) દરરોજ પોતાનાથી બની શકે તેટલું તેમની આજ્ઞા મુજબ કામ કરી આપવું. (૪) પોતાનું કામ પોતે કરવું પણ કદાચ આગ જરૂર પડતે તેમની પાસે કરાવવું હોય તો મધુર વચનથી પૂછીને કરાવવું. (૫) કામ કરવાની તેમની ઇચ્છા ન હોય તો ફરી રીસ કરવી કે અપશબ્દ બોલવો નહીં. (૬) માતા પિતાને તુચ્છ અને તુંકારો કરીને બોલાવવાં નહીં (૭) તેમની પાસે પ્રપંચથી જૂઠું બોલવું નહીં. પિતૃ સન્માન માટે રાજકુમાર કુણાલ અને માનનીય રાનડેનું જીવન જુઓ.

---

* જ્યાં સુધી બાળક પોતાની મેળે બોલતું ચાલતું ખાતું પીતું થાય ત્યાં સુધી તેને તેઓના વિનયની ખબર હોતી નથી તેથી બાળકને સંસ્કારની શરૂઆત માતાએ કરવી પડે છે. વિનય શું? તે બાળકના કાને

વારંવાર બોલવું પડે છે માતાએ જન્મથીજ સવારમાં ઉઠી પિતાને પગે લગાડવું જોઇએ પછી પિતા માતાના હાથમાંથી બાળકને લઈ માતાને પગે લગાડી તેનો આશિર્વાદ સંભળાવવો જોઇએ. એ વખતે બાળક ભલે ન સમજતુ હોય પણ તેમ કરવાથીજ બાળકને વિનયની રીતની ખબર પડે છે તેને શરમ કે નવાઈ જેવું કાંઈ રહેતુ નથી. તેથી સ્વાભાવિક રીતેજ તેને વિનયની રીત આવડે છે. માતા પિતા પ્રત્યે અને પિતા માતા પ્રત્યે નમ્ર અને મધુર કેમ બોલવું તે શીખવવું જોઇએ. કદાચ બાળક બોલવામાં ભૂલ કરે તો તે સુધરાવીને બોલાવવું જોઈએ. આમ કરવાથી તે સાત વર્ષનો થતાં નિશાળના મહેતાજી પાસે જવા લાયક થાય છે તે વખતે પણ મહેતાજી સાથે કેવી નમ્રતાથી ભણવું તેની શીખામણ આપવી. માતાએ પાંચમા મહિનાથીજ વિનયનુ શિક્ષણ શરૂ કરવું જોઈએ. આશિર્વાદ વાક્યો આ પ્રમાણે:—

શતંજીવ, દીર્ઘાયુર્ભવ, સુખી થજો. જન્મ સંસ્કાર માટે ઉદાહરણ- મદાલસા

પાઠ ૨૧ મો.

તે કળા અને ધર્મપાઠક ગુરૂઓના વિનય નિયમો: -

(૧) નિશાળમાં નિતિપાઠક હાજર હોય તો હાથ જોડી પ્રણામ અને ધર્મપાઠકને જયજિનેંદ્ર કહેવા તેઓ હાજર ન હોય તો તેમને આવતા જોઇ ઉભા થઇ પ્રણામ કરવો. (૨) જે બાબત પોતે સમજી શક્યો ન હોય અથવા ભૂલી ગયો હોય તે તેમની પાસે જઇ નમ્રતાથી પુછવી. (૩) તેઓ જે શિખામણ આપે તે બરાબર સ્મરણમાં રાખી વર્તનમાં મુકવી (૪) આજ્ઞા પાલક થવું. એજ વિદ્યા પ્રાપ્તિનો ઉપાય છે. (૫ ઉદ્ધતાઇ બેદરકારી મિથ્યાભિમાન મહેતાજી પાસે કરવો નહી. (૬) મહેતાજીને પ્રણામ એ વિદ્યા દેવિને નમસ્કાર સમજવો ઉ૦ અર્જુન અને દ્રોણાચાર્ય. મગધ સમ્રાટ શ્રેણિક અને ચંડાળ.

ધર્મપાઠક-પાઠશાળાનો શિક્ષક: -

નિશાળના મહેતાજીનો દરજ્જો જીવન જરૂરીઆતની પ્રાપ્તિનો છે જ્યારે પાઠશાળાના શિક્ષકનો દરજ્જો તત્વ વિજ્ઞાન આત્મ કલ્યાણોપયોગી જ્ઞાન પ્રાપ્તિનો છે. ધર્મ પાઠકથી આ જન્મ અને પરજન્મનું

શ્રેય સાધવાના માર્ગો જડે છે પ્રકૃતિના નિયમો સમજાય છે અને ધૈર્ય આવે છે તેમની પાસે જાણવા યોગ્ય વિષયો—**ષડ્‌વાશ્યક** સૂત્ર અર્થ અને વિધિ સાથે **જીવવિચાર પ્રકરણ**—પ્રાણી વિજ્ઞાન **નવ તત્વ પ્રકરણ**—દ્રવ્ય વિજ્ઞાન **દંડક પ્રકરણ**—કર્મને લીધે જીવને થતી શિક્ષાઓનું વિભાગીકરણ **ક્ષેત્રસમાસ**—ભૂગોળ વિજ્ઞાન **કર્મ ગ્રંથ**—ચૈતન્ય સાથે જોડાએલા જડ દ્રવ્યનુ જ્ઞાન **તત્વાર્થ સૂત્ર**—ઉપર જણાવેલા તમામ વિષયો આ એક પુસ્તકમાં છે.

૩ **ધર્મોપદેશક ગુરૂની વિનય વિધિ:**—નવકારમાં ગણાવેલા પાંચ પુરૂષો સર્વ ગુરૂઓજ છે પરન્તુ માત્ર તેમના અધિકારમાં ફેર છે. પોતાને ઘેર અથવા પોતે જ્યાં હોઈએ ત્યાં ક્ષમાશ્રમણ ગુરૂને દેખતાંજ ઉઠીને ઉભું થવું, બે હાથ જોડી માથુ નમાવી **મત્થએણ વંદામિ** બોલવું પોતાને ઘેર આવતા હોય તો પધારો ગુરૂજી કહી વચન સત્કાર કરવો. **પંચાંગ પ્રણિપાત** વંદન પણ થાય, ભોજન પાણી વિગેરે તૈયાર હોય તો લેવા માટે વિનંતિ કરવી, દવા કે દર માટે જોયતાં સાધનો આપવાં. અને જતી વખત પોતાના આંગણ સુધી જઈ **પધારજો** એમ વિનય વાક્ય બોલવું. ઉપાશ્રયે જઈએ તોજ ઉપદેશ સંભળાય એવો નિયમ નથી ઘેર આવેલા શ્રમણ શ્રમણીઓને વિનંતિ પૂર્વક પાટ પાટલો મુકી બેસી ઉપદેશ સંભળાવવા વિનંતિ કરી શકાય.

૪ **શ્રમણ ગુરૂઓથી થતો લાભ:**—તેઓ શાસ્ત્રાધ્યયન કરી પોતાના આચાર વિચારો પાળી તેમા શો લાભ છે તે સમજાવે છે, ધર્મપાઠ પાઠકથી જ્ઞાન અને દર્શન ગુણ મળે છે. અને ધર્મગુરૂ પાસેથી ચારિત્ર ગુણ મળે છે અને જ્ઞાન દર્શનમાં ઉમેરો થાય છે. તેમનું ચારિત્ર જોઈ આપણને તે પ્રમાણે કરવાની ઇચ્છા થતાં પરિણામે [illegible] મોક્ષની પ્રાપ્તિ થાય છે.

[illegible] નંબરમાં શ્રમણ સંઘના આચાર્ય—ગચ્છાચાર્ય [illegible] [illegible] શંકરાચાર્ય ક્રિશ્ચિયનોને પોપ, મુસલમાનોને [illegible] સાર્યીક, વૈષ્ણવોને ગોસાંઈઓ, [illegible] પરન્તુ [illegible] [illegible] જૈન કે નહીં, [illegible] [illegible] ગુરૂ [illegible], જ્ઞાન દર્શનચારિત્ર [illegible] [illegible] ગુરૂ માની વિનય [illegible] [illegible] ભારતમાં [illegible] થાય છે તે [illegible]

તેના પ્રત્યે પ્રેમ પણ ન રાખે તે કૃતઘ્ન કહેવાય.

પાઠ ૨૨મો.

નવકારમાં બતાવેલાં તત્વો કેટલી રીતે પૂજ્ય છે?

પરમાત્માની પૂજ્યતા ચાર રીતે ગનાય છે નામ, મૂર્તિ, દ્રવ્ય, ભાવ આને શાસ્ત્રોએ **નિક્ષેપ** નામ આપ્યું છે તેથી **૧ નામનિક્ષેપ, સ્થાપના-મૂર્તિનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ**-અંતિમ રૂપે પ્રથમ પૂજ્ય માનવું **ભાવનિક્ષેપ**-એતો પહેલાના ત્રણેથી પરિપૂર્ણ સાક્ષાત.

ઉપરના ચારે પ્રકારો જગતના તમામ પદાર્થોને લાગુ થાય છે તેમાંનું એક પણ કમી કરવું તે જગતના પ્રાકૃતિક નિયમથી વિરૂદ્ધ છે. શબ્દ વ્યાખ્યા આ પ્રમાણે -

નામ નિક્ષેપઃ—વસ્તુ માત્રને તેનો આકાર કે ગુણ જોયા વિના નામ કરી કરી ઓળખવું તે. ઉ૦—જેમ કોઈ બાળક-બાળીકા જન્મ્યાં [તે]નું નામ ચંપક કે ચંપકમાળા પાડ્યું. ચંપક એ ઝાડનું નામ છે [અ]ને ચંપકમાળા એ તેનાં ફુલોને ભેગાં કરી દોરાથી ગુથ્યાં હોય [તે]નું નામ છે. પણ છોકરા છોડીનાં નામમાં બેમાંનું એકે ન હોવા [છ]તાં તે તે નામેજ ઓળખાય છે એ વાત જગતનાં તમામ માણસો કબુલ કરે છે.

સ્થાપના નિક્ષપઃ—પદાર્થનો આકાર જોઈ તેના જેવીજ આકૃતિ [બ]નાવવી તેને મૂળ પદાર્થની બરોબર એજ નામે માનવી જેમ કે હાથી [ઘ]ોડા પંખી વિગેરે, માટી, લાકડું, પત્થર ધાતુ કાગળ કે છાંયા ચિત્રથી [તે] તરીકે ઓળખવું. આ પણ જગતમાં કબુલ થએલો સિદ્ધાંત છે.

[દ્ર]વ્ય નિક્ષેપઃ—જેનું નામ કે આકાર ન થયો હોય પણ તેનું છેલ્લું [સ્વ]રૂપ જે થવાનું હોય તે થતાં પહેલાં તે તરીકે માનવું જેમ ચક્રવર્તિ [ર]ાજા ભરતે ભાવી જિનેશ્વરના પામનાર પોતાના પુત્ર મરીચીને જાણીને તેમને **દ્રવ્યજિન** તરીકે નમન કર્યું. અથવા ઘઉંના લોટની બાંધેલી કણક રોટલી કે સેવો કર્યા પહેલાંજ તે નામે સંબોધાય છે. વિગેરે.

ભાવ નિક્ષેપઃ—પદાર્થમાં નામ, આકાર, દ્રવ્ય અને ગુણો વિદ્યમાન હોય તે. જિનેશ્વરમાં નિક્ષેપ સિદ્ધાંતની ઘટના—

જેમ કે અરિહંત એવું નામ તેને સાક્ષાત્ જેટલુંજ પવિત્ર અને પૂજ્ય માનવું તે **નામનિક્ષેપ**.

૨ તીર્થંકરો જીવતા હતા તે વખતે તેમની જેવી આકૃતિ હતી તેવી બનાવી સાક્ષાત્ જેટલું માનવું તે **સ્થાપના** નિક્ષેપ મૂર્તિની પૂજા તે સાક્ષાત્ પૂજાના બરોબર છે અને તેથી આત્માને વિશુદ્ધ સ્વરૂપનો ખ્યાલ આવતો હોવાથી તે આત્માની દર્શન શક્તિની શુદ્ધિનું નિમિત્ત થાય છે સૂત્રગ્રંથોમાં સ્વર્ગસ્થ શાશ્વત મૂર્તિઓ દેવો દ્વારા પૂજાતી હોવાનાં ઉદાહરણો મળે છે.

પત્થર ઉપર લખાએલા લેખોના આધારે પણ ભગવાન્ મહાવીરના સમયથી મૂર્તિ મનાતી હતી. તેની ખાત્રી આપતો એક લેખ **અજમેરના સંગ્રહાલય**માં છે, તે ભગવાનના નિર્વાણથી ચોર્યાસીમા વર્ષનો છે આ લેખ પહેલાં **ચિતોડ** પાસે આવેલી **માજ્ઝિમિકા** નામે ઉજ્જડ નગરીના ખંડેરોમાંથી જડયો છે. બીજું પ્રમાણ **સોરઠ**માં આવેલા **જુનાગઢ**ની તળેટીમાં ખડક ઉપર લખેલા **મૌર્યવંશી રાજા** અશોક ઉર્ફે સંપ્રતિએ કાઢેલા ચૌદ હુકમોમાં આઠમા શાસનમાં લખ્યું છે કે **बाम्हण समणाणं दंसणे** એટલે પરમેશ્વરત્વ પામેલા શ્રમણ-તીર્થંકરનાં દર્શન. આ પણ મૂર્તિપૂજા પ્રાચિન કાળથી હોવાનો પુરાવો છે. જૈન ઇતિહાસ મુજબ બ્રાહ્મણ શબ્દનું આદ્યરૂપ માહણ છે માહણનો અર્થ તીર્થંકર પણ થાય છે અને તેનુંજ રૂપાંતર બ્રાહ્મણ થયો છે. આ નિક્ષેપના બે પ્રકાર છે તે આગળ જુઓ.

પાઠ ૨૩મો.

૧ **યાવત્કથિત સ્થાપના નિક્ષેપ**:—પત્થર, લાકડું, માટી, ધાતુ, ચિત્ર વિગેરેમાંથી અરિહંતની મૂર્તિ તૈયાર થતાંજ તેને અરિહંતને નામે ઓળખવી. પરન્તુ જો તેને પૂજવી હોય તો શાસ્ત્રમાં બતાવેલી વિધિ પ્રમાણે પ્રાણ પ્રતિષ્ઠા કર્યા પછી અરિહંત તરીકે જ્યાં સુધી તે આકૃતિ નષ્ટ ન થાય ત્યાં સુધી કાંઇપણ વિધિ કર્યા વિના પૂજી શકાય છે.

ઇત્વર સ્થાપના નિક્ષેપ:—આ સ્થાપના જ્યારે જરૂર હોય ત્યારે પાછળના પાઠમાં બતાવેલી વિધિ પ્રમાણે થાય છે અને ક્રિયા પૂર્ણ થાય એટલે ઉત્થાપન કરવું પડે છે આ સ્થાપના દેવ અથવા ગુરૂની મૂર્તિ ચિત્ર વિગેરેની થાય છે દેવાલયોમાં **શત્રુંજય, ગીરનાર,** આબુ, સમેતશિખર વિગેરે ગમે તેનું ચિત્ર કે પટ હોય તો તેની

...ત્યાં તેને વંદન નમનાદિ ક્રિયા
...દિ કારણ પ્રસંગે કરી ન જાય ... કરવી અને કાંઈપણ ન હોય
...રવી હોય તો સ્થાપન વિધિ કરીનેજ કરવી અને કાંઈપણ ઉપકરણની કરવી
...ત્યાં કરવાની જરૂર હોય તો ચારિત્રના કોઈપણ ઉપકરણ હોવાથી ગુરુ
...કે નવકાર વાળીની કરવી અગર પોથી જ્ઞાનનું ઉપકરણ હોવાથી ગુરુ
સ્થાપનામાં કામ આવી શકે નહીં.
...સ્થાપવાની છે તે
...કાંઈ સિદ્ધાંતનું કહેવું છે કે સાધુ અગર પોથી સ્થાપવાની છે તે કોઈ પ્રમાણ વિના હોય નહીં માટે આ માનવા યોગ્ય નથી. સ્થાપનામાં કેમ ચારિત્રનોજ અધિકાર છે અને જ્ઞાન-દર્શન તેમાં અંતર્ગત ગણેલાં છે પણ જ્ઞાનદર્શનમાં ચારિત્ર અંતર્ગત થઈ શકતું નથી. ચારિત્ર એ ત્યાગ આચારને સૂચવે છે. અને ત્યાગ આચારનેજ ગુરુ નહીં તેના અધિકાર છે. એટલે જ્ઞાનના ઉપકરણની સ્થાપના કોઈ અજ્ઞાન જમાનામાં શરૂ થએલી છે તેને મૂળ સિદ્ધાંત સમજમાં પછી કર્યા કરવાનો કાંઈ અર્થ નથી.

દ્રવ્યજિન:— થાતી થનાર તીર્થંકરની સ્તુતિ કરવી. તેમની મૂર્તિ બનાવી પૂજવી તે દ્રવ્યજિન જેમ કે આ૦.૧૫૬ પર્વત ઉપર ચક્રવર્તિ રાજા ભરતે ચોવીસ તીર્થંકરની માપ અને વર્ણ પ્રમાણે મૂર્તિઓ કરાવી પૂજી તેમ

ભાવજિન:— જેમ પોતેજ તીર્થંકર હોઈ સમવસરણમાં વિરાજિત હોય, નામ ગુણ તીર્થંકર આકાર અને દ્રવ્ય પણ તેજ, એટલે બધા નિક્ષેપા આ ભાવ નિક્ષેપામાં સમાઈ જાય છે

આ નવકાર અને લોગસ્સમાં નામ જિનની સ્તુતિ છે આ ચારે દ્રષ્ટિએ જેઓ જિનેશ્વરને ન માને તે જગતના પ્રાકૃતિક નિયમને તોડે છે ને જિનઆજ્ઞાથી વિરુદ્ધ છે.

પાઠ ૨૪મો.

શ્રમણ થવાનો હેતુ અને સંયમ તપની જરૂર.

નવકારના પાંચ પદોમાં બતાવેલા પૂજ્ય શરીર ધારી ત્યાગી છે તે ત્યાગનું કારણ:—

જગતમાં અનુભવાતાં સુખો પરિણામે દુઃખરૂપ હોય છે તેથી અને તેની પાછળ આવતુ દુઃખ બન્ને નાશવંત છે. આત્મા ... છે તો આત્મગુણો પણ શાશ્વત છે અને તેનાથી થનારૂ સુ...

[illegible] તેની પ્રાપ્તિના સાધનરૂપ કર્મરોધ છે. માટે ધન ધાન્ય, ઘર, બાર, વાડી, ગાડી અને લાડી તથા રાજવૈભવ વિગેરેનો ત્યાગ કરીને શ્રમણ થયા સંયમ તથા તપ સ્વીકાર્યો.

સંયમઃ—શરીરાદિ પાળવાના નિયમ અથવા આત્મગુણોની સમાનતા મેળવવા માટે લીધેલી પ્રતિજ્ઞા.

સંયમનું ફળ—આવતાં પાપોને અટકાવવાં.

તપઃ—બે પ્રકારે **બાહ્યતપ** અને **અભ્યંતર તપ** જુનાં સંચિત પાપોના નાશ કરે તેવી ક્રિયા તે તપ.

પાપઃ—જે કર્મોનું દુઃખરૂપ પરિણામ આવે તે **ગુખઃ**—જે કર્મોનું સુખ રૂપ પરિણામ આવે તે પુણ્ય.

પાઠ ૨૫મો.

કર્મ વ્યાખ્યા અને તેને ઉત્પન્ન થવાનાં કારણોઃ—

સિદ્ધાન્ત—કર્મ એટલે જીવ વડે શરીર કે મન વડે જે [illegible] કામ કરાય તે.

કર્મ ઉત્પન્ન થવાનાં સાધનો—દરેક પ્રાણીને પ્રાપ્ત થએલી ઇંદ્રિયોનાં પોષણ અને ભોગ માટે જોઈતી જરૂરીઆતોના કારણે ઉત્પન્ન થએલા **અસિ-મસિ-કૃષિ** રૂપ પાપ વ્યાપારથી ઉત્પન્ન થએલા **નવનારૂ** અને **નવકારૂ** રૂપ અઢાર જાતના વ્યાપારો જેનાથી **અઢાર** વર્ણો [illegible] તેનાથી ઉત્પન્ન થએલા અઢાર પાપો આ પ્રમાણે છે— હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, [illegible] અભ્યાખ્યાન, પૈશુન્ય-ચાડી, રતિ-અરતિ, પર[illegible] [illegible] બોલવું, મિથ્યાત્વ શલ્ય-[illegible] [illegible] સારૂં બતાવવું. આ પાપોથી [illegible] ઉત્પન્ન થતાં કર્મોના [illegible]

[illegible]

પાઠ ૨૬મો.

કર્મનાં નામ અને સ્વભાવ—

જ્ઞાનાવરણીય: આંખે પાટા બાંધ્યો હોય તેવું છે (૨) દર્શના-વરણીય કર્મ-રાજાને જોવા ચાહનારને અટકાવનાર દ્વારપાળ-ગોળીયા જેવું છે (૩) મોહનીય કર્મ—માણસ દારૂ પીવાથી જેમ ભાન ભૂલી જાય છે તેમ ભાન ભૂલાવનારૂ છે. તેના બે પ્રકાર છે. ૧ દર્શનમોહનીય ૨ ચારિત્ર મોહનીય—આ બન્નેમાં પહેલુ સત્ય સ્વરૂપ ઉપર શ્રદ્ધા આવવા દેતુ નથી ત્યારે બીજું સદ્વર્તન કરવા દેતુ નથી

વેદનીય કર્મ: તરવારની ધાર ઉપર ચોપડેલા મધને ચાટનારના અનુભવ જેવું છે ઉ૦ કોઇ માણસે સવારે કે સાંજે સુંદર બત્રીસ ભાતની રસોઈ ખાધી પરન્તુ થોડાજ વખત પછી ઝાડા, ઉલટી કે તાવ આવે તેની માફક (૫) આયુષ્ય કર્મ:—ગુન્હેગારને હેડ બેડી કે દોરડાના બંધન જેવું છે, જે મુદત પુરી થએજ છુટી શકે છે. (૬) નામકર્મ—મન ઇચ્છિત વિવિધ ચિત્ર ચિતરનાર ચિતારા જેવું છે. જેથી સુરૂપ, કુરૂપ, કાળુ, ધોળુ, સુઘડ, અણઘડ વિગેરે થાય છે. (૭) ગોત્રકર્મ કુંભારે ઘડેલા ઘડા જેવું છે. જેમકે ગાડવો, ઘડવું, માટલી. ગાગર, માણું, ગોળી તેમજ તેલ, ઘી, દારૂ મધ પાણી વિગેરે ભરવા ઉપરથી પડના પ્રકારો, (૮) અંતરાય કર્મ—સારૂ કે ખોટું કામ કરવામાં આવતી નડાર, ઉ૦ દાન-આપવા ઇચ્છનાર રાજાને ભંડારી બહાનાં ગતાવી રોકે તેમ.

પાઠ ૨૭મો

જ્ઞાનાવરણીકર્મ સંચયનાં કારણો.

પાઠ ૨૪માં કર્મોત્પત્તિનાં કારણો ૧૮ છે પરન્તુ આઠ કર્મોમાં પહેલુ જ્ઞાનાવરણીય કર્મ કેવી રીતે ઉત્પન્ન થાય છે તેનાં ૭ કારણો આ પ્રમાણે છે.

પ્રત્યનિકત્વ:—શત્રુના જેમ કોઈ માણસ ભણતો હોય તેને ખરાં ખોટાં બહાનાં બતાવી શત્રુતા કરવી (૨) ઉપઘાત મારવું, કોઈ ભણતો હોય તે પોતાથી વધારે ભણી ન જાય તેવા વિચારથી મારવું. (૩)

નિહ્નવ ગુરૂ ચોરી—જેની પાસે પોતે ભણ્યો હોય તેના કરતાં પોતે ઉત્તમ દરજ્જો પામ્યા પછી કોઇ પુછે કે તમે અભ્યાસ કોની પાસે કર્યો ? તે વખતે ભણાવનારનું નામ ન દેતાં કોઇ મોટા વિદ્વાનનું નામ દેવું અથવા કોઇ કાંઈ પુછે વા જ્ઞાનનું સાધન માગે ત્યારે નથી જાણતો, કે નથી કહેવું (૪) **પ્રદ્વેષ** અથવા અબહુમાન જ્ઞાન જ્ઞાની જ્ઞાનનાં સાધન પ્રત્યે દ્વેષ રાખવો જેમ વરડી સ્રીઓ પુરૂષો અને ગામડીઆઓ ભણેલા ઉપર દ્વેષ કરી કલંકો આપે છે તે. (૫) **અંતરાય**—ભણનાર ન ભણી શકે તેમ કરવું. (૬) **આશાતના-જ્ઞાનીની આશાતના**—ઉપરનાં પાંચે કારણોથી જ્ઞાનીનું અપમાન કરવું. નમ્રતા ન રાખવી. **જ્ઞાનની આશાતના**—ચોપડીઓ ફાડવી, પગ મુકવો, કચરવી, ફેંકવી, થુંક લગાડવું, દેવતા મુકી બાળવું, ભણનાર પાસેથી ખુંચાવી લેવું શાસ્રમાં બતાવેલું તપ અને વિધિ કર્યા વિના ભણવું (૭) **માત્સર્ય** આવડતા છતાં ભણનારને ભણાવવું નહીં. (૮) **અકાળ**—સૂર્યોદય અને સૂર્યાસ્ત મધ્યાહ્નને એક એક મુહૂર્ત, શરીર વસ્ર મકાન અને [illegible] આજુનો પ્રદેશ અપવિત્ર હોય, અકાળ વૃષ્ટિ મડદુ [illegible] નહીં ભણવા લાયક વખત છે. વિશેષ વાત શાસ્રમાં (૯) **વ્યંજન ભેદ** સૂત્રના કે ગાથાના અક્ષરોને [illegible] ગુલરી બોલવા. ભૂલ છતાં સુધારવી નહીં (૧૦) [illegible] પોતાની વિરૂદ્ધ અર્થ કરવો (૧૧) [illegible] તેમજ અર્થને ઉલટાવી નાખવો. આ પ્રમ[illegible] વરણીય અને **ચારિત્રાવરણીય કર્મને** ઉત્પન્ન થ[illegible] તેનું [illegible] **આતચાર આલોચનામાં** જુઓ

પાઠ ૨૮ મો.

[illegible] કાર્યકારણ જગતમાં બનતાં નાના મોટા તમા[illegible] [illegible] કાર્યકારણ આ પ્રમાણે છે:—

સિદ્ધાંત— કારણ વિના કાર્ય થાય નહીં. કારણ પાંચ[illegible] [illegible] કાળવાદ [illegible] [illegible] ઉત્પત્તિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

શકે નહીં. જેમ કે કાચું કે સડેલું બીજ ઉગી શકે નહીં, વા વંધ્યા કાકવંધ્યા રોગિણ બાળંકા, મૃતપતિકા વિગેરે ૩ નિયતિવાદ કાળ અને સ્વભાવ હોવા છતાં કાર્યોત્પત્તિ થવાનીજ ન હોય તો તે ન થાય. જેમકે ખેતરમાં બરોબર વખતે વાવ્યું હોય બીજ સારૂં હોય પણ કાતરા પડે, મેહ આવે, કે અતિવૃષ્ટિથી ધોવાઈ જાય. ૪ પુર્વ-કૃત કર્મવાદ પૂર્વે કરેલું કર્મ ન હોય તો પણ કાર્ય ન થાય, જેમકે-ખેડુત વખતે વાવે, બીજ ઉગે, પાક પણ થાય. પરન્તુ લેવાના દિવસ પહેલા ચોર ચોરી જાય કે ખળાંમાં પડ્યું હોય ત્યાં સખત માવઠું થાય ૫ પુરૂષાર્થવાદ—ઉપરનાં ચારે કારણો સિદ્ધ થાય તેવાં હોય પણ ઉદ્યમજ ન કરે તો ન થાય. સર્વ કારણોને અને કાર્યને અમલમાં લાવનાર પુરૂષાર્થ છે જેમ કે જમીન રસાળ હોય, બીજ સારૂં હોય, વખતસર વાવવાનાં સાધન હોય, હવા વૃષ્ટિ અનુકૂલ હોય, પણ પ્રથમ વાવવામાંજ આળસ કરે તો થોડું ફળે કે નિષ્ફળ જાય.

પાઠ ૨૯મો.

કારણ પંચક સાથે જીવન વિચારણા—કર્મ રૂપ જડ ચેતનના અનાદિ સંયોગના પરિણામે-શિલાગોલક ન્યાય મુજબ, જીવ સંસારની નાના પ્રકારની યોનીઓમાં જન્મમરણાદિ કરતાં મનુષ્ય અવતાર, આર્ય-કર્મભુમિની પ્રાપ્તિ, સતને સતરૂપે યથાર્થ જોનાર જાણનાર ઉપદેશ-નાર વીતરાગ દેવની સત્યદેવ તરીકેની ઓળખાણ કુલ, શીલ, સંપત્તિ, નિરોગીતા, શક્તિ વિગેરે સર્વ મળ્યું છતાં ન થાય દેવ અને ગુરૂનાં ખામી ભરેલાં આદર્શો મળી જાય, તો આત્મદર્શનમાં ખામીજ આવે જેમકે શિવ, વિષ્ણુ-કૃષ્ણ, બ્રહ્મા, શક્તિ, ભૈરવ, કાલી, કાપાલીક વિગેરે ગુરૂ-દીક્ષાચાર્ય અઘોરી, ગુસાંઇ, સન્યાસી વિગેરે, બન્ને પ્રકારના આવા સમાગમમાંથી આત્મા ધર્મનેજ અધર્મ માની બેસે છે, તેમ ન થવા પામે તેટલા માટે વિશ્વના કલ્યાણ હેતુથી દેવ અને ગુરૂની ઓળખાણ માટે **નવકારસૂત્ર** બનાવ્યું છે તે આત્મગુણના આદર્શ રૂપના આલંબનથી આત્માના મૂળ ગુણો પ્રાપ્ત થાય છે. તેથી તે એક કારણરૂપ છે

કારણ પંચકનો નવકાર સાથે સમન્વય—૧ મનુષ્યાવતાર, આર્યદેશ, આર્યકુલ, મહાવીરોપદિષ્ટ સ્યાદ્વાદધર્મ પ્રાપ્તિ તે કાળ. વારંવાર

પ્રેરણાથી જાપ—આંગળીનાં ટેરવાં સાથે ગણેલો, મેરૂ ઓળંગીને કરેલો, ગભરાયલા ચિત્તથી કરેલો થોડું ફળ આપે છે.
ર એ આત્માના કર્મપટલોને દૂર કરવાનાજ સાધન રૂપ છે, અને એનું પરિણામ અખંડ આનંદનું સ્થાન મોક્ષજ છે. પરંતુ સમગ્ર જગત વિચિત્ર રૂચિઓથી ભરેલું છે એટલે ઐહિક અને સ્વર્ગીય ઇચ્છાવાળાને તેમની ભાવના મુજબ પણ ફળે છે. વિધિ અને સાધક જોઇએ અને સદ્ગુણ પણ જોઇએ, તેવી વિધિઓ વિનય વિવેક પૂર્વક મેળવી શકશો. સ્વાર્થાંધતા અને લાલચુડાપણું અવશ્ય છોડજો.

પાઠ ૩૫મો.

સચરાચર જગતનું નાનું કે મોટું એક પણ પ્રાણી એવું નથી કે જેને ધ્યાનની બાબતથી બહાર કાઢી નખાય. ધ્યાન ચાર પ્રકારે થાય છે.
આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુકલધ્યાન.

૧ **આર્તધ્યાન**—મનની ચિંતાથી ઉત્પન્ન થએલી વિચારમાળા. આ ધ્યાન આખુ વિશ્વ કરે છે એમ કહીએ તો ચાલે. **રૌદ્રધ્યાન**—ક્રોધ, માન, માયા, લોભ, મોહ વિગેરેના પરિણામે ઉત્પન્ન થાય છે. જેથી માણસ ખુન વિગેરે પણ કરે છે. **ધર્મધ્યાન**—સામાન્ય રીતે ધાર્મિક વિષયનાજ વિચારો કરવા **શુકલધ્યાન**—કેવળ આત્મ તત્વનું ચિંતવન મનન અને નિદિધ્યાસન જાપ એ ધર્મધ્યાન અને શુકલધ્યાનનું પહેલું પગથીયુંજ છે ધ્યાન બે પ્રકારે થાય છે. ૧ **સાલંબન**, ૨ **નિરાલંબન** ધ્યાન કરવાની રીતઃ—શાન્ત એકાંત સ્થાનમાં સ્વચ્છ કપડાં પહેરી પદ્માસન વાળી, નેત્રો બંધ કરવાં પછી પોતાની મનઃકલ્પનાથી નાભિથી ઊગેલા આઠ પાંખડીના કમળને જોવું. તેમાં મધ્યની કર્ણિકામાં નવકારનું પદ અરિ૦ મુકવું, પછી ચાર દિશાની પાંદડીઓમાં ચાર મુકવાં, અને વિદિશાની પાંદડીઓમાં ગાથાનાં ચાર પદો ગોઠવો. પછી પ્રત્યેક પદના અનુક્રમે ગુણો સ્મરણ કરો, અને કમલ ઉપર તમારા અંતરને સ્થિર કરો. આમ પોતાની મેળે ન થાય તો તેવુંજ સુંદર ચિત્ર કરી તે ઉપરથી ધ્યાન કરો, અથવા વીતરાગની મૂર્તિ વિગેરેનું ધ્યાન તે **સાલંબન ધ્યાન** છે, કોઇપણ ક્રિયામાં કરાતો કાઉસગ્ગ તે સાલંબન છે.

નિરાલંબન ધ્યાન—કોઇપણ આકૃતિના સાક્ષાત્કાર વિના મન, વચન,

પાઠ ૩૪મો.

નવકાર જાપનાં સાધન અને તેના પ્રકારો.


સાધન:—આંગળીના વેઢા, સુતર સ્ફાટિક, કાચ ચંદન ચાંદી સોનુ એરખાં પરવાળાં, રૂદ્રાક્ષ વિગેરેના મણકાની માળાઓ જેવો જેનો રંગ તેવી માળાઓ જુદા જુદા કાર્યો માટે વપરાય છે. માળા ગણનારે પોતાનું મન, વચન અને શરીર નિયમમાં રાખવાં, **શરીરને** કબજે રાખવા **પદ્માસન** કે **ખડગાસન** કરવું આ આસનોથી નિદ્રા અટકે છે. કાળ સુષુમ્ણા નાડીનો સવારે અને સાંજે સૂર્યોદયે અને સૂર્યાસ્ત વખતે એક એક મુહૂર્ત **સ્થાન:**—નિર્જન અને શાન્ત, **મન**—સ્થિર નિર્વિકલ્પ નવકાર વાળીના મણકા ૧૦૮ મેરૂ વિનાના જોઇએ તેનું કારણ તમે પાંચ પદોના અર્થમાં ગુણનો સરવાળો કરશો એટલે સમજાશે.

જાપ ત્રણ પ્રકારે થાય છે—**૧ ભાષ્યજાપ ૨ ઉપાસુજાપ, ૩ માનસજાપ**

૧ ભાષ્ય જાપ:—બીજાઓ સાંભળે તેમ કે હોઠ ફફડાવી કરવો. ઉપાસુજાપ—મોઢુ બંધ કરી જીભ હલાવતાં કરવો તે. જેને **અંતર્જલ્પ જાપ** પણ કહે છે. **માનસ જાપ**—હોઠ મુખ જીહ્વાનો ઉપયોગ કર્યા વિના મનની સહાયથી થતો જાપ, મન્ત્ર સાધનમાં આ ત્રણે પ્રકારના જાપો કામ આવે છે પણ મોક્ષપ્રાપ્તિ માટે માનસ જાપ સિવાયના બીજા જાપો ઓછુ કામ આપે છે

ઉપાસુ જાપ—શાંતિક પૌષ્ટિક આકર્ષણ અને ઉચ્ચાટનાદિ ક્રિયાઓમાં કામ આવે છે

વેઢાથી ગણવાની રીતો બે છે—**નંદાવર્ત** અને **શંખાવર્ત** આકૃતિ



શત્રુભય કે કેદમાંથી છુટવા માટે નવકારના પદો કે અક્ષરોને અ એક લાખ ગણવાથી મુક્ત થાય

જાપ કરનારે કરવો જોઇતો વિવેક—માળા ગણનારે માળાને પોતાનાં અ અંગના કપડાંને અડવા દેવી નહીં તેમ માળા મુક્ત પોતાના [illegible] છાતીથી ઉંચો નીચો કે દૂર રાખવો નહીં.

ઘાતી કર્મોનો વર્ણ સ્યામ છે તેનો નાશ કરવા શ્રમણના છે માટે સાધૂ વર્ણે સ્યામ છે. ૨ સ્યાગતા જઇને આગમજ્ઞાનની રમણીયતા તેનનામાં મયૂર પીચ્છની જેમ સુશોભિત લાગે છે માટે ઉપાધ્યાયનો વર્ણનીલ છે. ૩ દીવાની સેડ મોહરૂપ તેલની સહાયથી દીવેટ વાટે બળીને બીજાને અજવાળું આપે છે. ગેસને ઉડાડી મુકે છે તેમ ધર્માચાર્ય સંયમ તપરૂપ તેલ અને અગ્નિ વડે આત્મા વિશુદ્ધ થઇ સર્વ દર્શન જ્ઞાનરૂપ દીપ શિખાની માફક બાજાઓને બોધ આપે અપાવે છે. ભૂલતાને ભૂલેલાઓને ધર્મ સમજાવી ફરી ધર્મમાં સ્થાપે છે માટે આચાર્ય વર્ણે પીળા માન્યા છે ઉદાહરણ મેઘકુમાર અને મહાવીરસ્વામિ લેશ્યાઓ, ગ્રહો, કર્મો અને પરમેષ્ટિના વર્ણોનો પરસ્પર સંબંધ છે. તેથી પાંચ વર્ણોમાં તે સર્વનો સમાવેશ થાય છે. જેને ગુરૂ પાસેથી વિધિ મેળવવાની ઇચ્છા હોય તેમણે આત્મગુણો કેળવવા વિવેક, વિનય, સભ્યતા, પ્રેમ, ધૈર્ય, કૃતજ્ઞતા મન્ત્રની સફળતા પણ આ ગુણો માગે છે. દયાળુતા અને પરગજુપણું ઉદાહરણ જુઓ—મલયસુંદરિમાંથી.

પાઠ ૬૭મો.

૧ નવકારમાં ગણાવેલા સ્વરૂપોથી વિરૂદ્ધ ગુણવાળા દેવ કે ગુરૂને પૂજવા કે માનવા નહીં તેનું નામ સમક્તિગુણ કહેવાય છે તેના સરખા અર્થવાળા શબ્દો સમ્યત્વ, બોધિ, સંબોધિ.

અભ્યાસ કર્યા પછી કુળમાં ચાલ્યા આવતા રીવાજ મુજબના ધર્મબુદ્ધિથી કરાતા પર્વો, છોડવા જોઇએ તેવાને મિથ્યાત્વ—જુઠાણું કહેલું છે તેના બે પ્રકાર છે - ૧ દેવગત મિથ્યાત્વ,—૨ ગુરૂગત મિથ્યાત્વ, આ બન્ને મિથ્યાત્વના બબ્બે પ્રકાર છે ૧ લૌકિક દેવગત મિથ્યાત્વ, ૨ લોકોત્તર દેવગત મિથ્યાત્વ, ૨ લૌકિકગુરૂગત મિથ્યાત્વ અને ૨ લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ.

૧ **લૌકિક દેવગત મિથ્યાત્વઃ**—બતાવેલા સ્વરૂપ વિરૂદ્ધ ગુણ આકૃતિવાળા તમામ દેવ દેવિઓ વિગેરેને માનવા.

૨ **લોકોત્તર દેવગત મિથ્યાત્વઃ**—આ જન્મની આશાઓ માટે વીતરાગની માનતા પૂજા કરવી જેમ ભોયણીના મલ્લીનાથ અને અને કેસરીયાજી તેમજ જિનેશ્વરની મૂર્તિ અન્ય ધર્મવાળાએ નામાનતરથી

કાયાની એકાગ્રતા તે આ નિરાલંબન ધ્યાનનો અભ્યાસુ આંખો ખુલ્લી રાખે તોપણ જ્યાં તેનું લક્ષ હોય તેજ જાણે, બીજુ નહીં.

લય:—ધ્યાન કરતાં કરતાં ચિત્તની એકાગ્રતા એવી થાય કે તેની નજર સમક્ષ ગમે તે થાય પણ તેનું ધ્યાન ખસે નહીં તેનુંજ નામ લય, લંકાપતિ **રાજા રાવણને** એક હજાર વિદ્યાઓ સિદ્ધ થઇ હતી.

ધ્યેય:—જેનું ધ્યાન કરી શકાય તે, ધ્યેયચાર પ્રકારે છે—પિંડસ્થ, પદસ્થ. રૂપસ્થ, રૂપાતિત.

૧ પિંડસ્થ—આની પાંચ ધારણાઓ છે તે યોગશાસ્ત્રમાં જુઓ. તીર્થંકરનાં જન્મનો દેવોત્સવનો વિચાર કરી કરેલુ ધ્યાન તે

૨ પદસ્થ—નવકારનાં પદો કે શાસ્ત્રનાં કોઇપણ પવિત્ર પદોનું ધ્યાન અથવા તીર્થંકરની શ્રમણાવસ્થાનું ધ્યાન.

૩ રૂપસ્થ—દેવોએ કેવળજ્ઞાન થયા બાદ બનાવેલા સમવસરણમાં ધર્મરાજ તરીકે જે વૈભવયુક્ત ધ્યાન કરવું તે

૪ રૂપાતિત;—નિરંજન નિરાકાર સિદ્ધોનું ધ્યાન. એટલે અરિહંતોની નિર્વાણ અવસ્થા. જે આસને ભગવાન્ સિદ્ધતા પામ્યા હોય તે. આનાથી જુદી આજ્ઞા અપાય, વિપાક અને સંસ્થાન એ રીતે ચાર પ્રકારો છે તે યોગશાસ્ત્રમાંથી જુઓ.

ધ્યાન અને લયનું ફળ—કોઇ પણ પ્રાણી આર્તધ્યાનમાં મૃત્યુ પામે તો પશુના પામે રૌદ્રધ્યાનમાં મરે તો નરકમાં જન્મે, ધર્મધ્યાનમાં મૃત્યુ થાય તો સ્વર્ગ મળે અને શુકલધ્યાનમાં મરણ થાય તો મોક્ષ પામે. લય ધ્યાનની ઉત્કૃષ્ટ અવસ્થાનું નામ છે. નવકાર ચિંતનમાં મન સ્થિર કરનારની અધોગતિ થતી નથી.

પૂજા કરતાં ક્રોડ ગણો લાભ સ્તોત્ર પાઠથી, ક્રોડ સ્તોત્ર પાઠથી એક વખતના જાપમાં, ક્રોડ જાપે એક ધ્યાનમાં અને ક્રોડ ધ્યાને એક વખતના લયથી થાય નવકારથી થએલા લાભના ઉ૦ સુદર્શનારાજકુમારી સર્વ ક્રિયાઓ કળાઓ ધ્યાન મૌન અભ્યાસથીજ સિદ્ધ થાય છે અભ્યાસ કરનારને કાંઇ અઘરૂં નથી, ગુણ કે અવગુણના જેવો અભ્યાસ કરશો તેવોજ અભ્યાસ પછીના જન્મમાં પ્રાપ્ત થશે.

પાઠ ૩૬મો.

ગુરૂતત્વ—તેના વર્ણો અને હેતુઓ, આચાર્ય—પીળા, ઉપાધ્યાય—નીલ, સાધુ—શ્યામ.

૧ ઘનઘાતી કર્મોનો વર્ણ શ્યામ છે તેનો નાશ કરવા શ્રમણતા છે મા
સાધૂ વર્ણે શ્યામ છે. ૨ શ્યામતા જઈને આત્મજ્ઞાનની રમણીય
તેનનામાં મયૂર પીચ્છની જેમ સુશોભિત લાગે છે માટે ઉપાધ્યાય
વર્ણનીલ છે. ૩ દીવાની સેડ મોક્ષરૂપ તેલની સહાયથી દીવેટ બ
ળીને બીજાને અજવાળું આપે છે. મેલને ઉડાડી મુકે છે ત
ધર્માચાર્ય સંયમ તપરૂપ તેલ અને અગ્નિ વડે આત્મા વિશુદ્ધ
સર્વ દર્શન જ્ઞાનરૂપ દીપ શિખાની માફક બાજાઓને બોધ આ
અપાવે છે. ભૂલતાને ભૂલેલાઓને ધર્મ સમજાવી ફરી ધર્મમાં સ્થ
છે માટે આચાર્ય વર્ણે પીળા માન્યા છે ઉદાહરણ મેઘકુમાર અ
મહાવીરસ્વામિ લેશ્યાઓ, ગ્રહો, કર્મો અને પરમેષ્ટિના વર્ણે
પરસ્પર સંબંધ છે. તેથી પાંચ વર્ણોમાં તે સર્વનો સમાવેશ
છે. જેને ગુરૂ પાસેથી વિધિ મેળવવાની ઇચ્છા હોય તેમણે આત્મગુ
કેળવવા વિવેક, વિનય, સભ્યતા, પ્રેમ, ધૈર્ય, કૃતજ્ઞતા મન્ત્રની સફ
પણ આ ગુણો માગે છે. દયાળુતા અને પરગજુપણું ઉદાહ
જુઓ—મંત્રપ્રસુંદરિમાંથી.

પાઠ ૩૭મો.

અહિં નવકારમાં બતાવેલા સ્વરૂપોથી વિરૂદ્ધ ગુણવાળા દેવ કે ગુરૂને પૂ
કે માનવા નહીં તેનું નામ સમક્તિગુણ કહેવાય છે તેના સ
અર્થવાળા શબ્દો સમ્યત્વ, બોધિ, સંબોધિ.

આ અભ્યાસ કર્યા પછી કુળમાં ચાલ્યા આવતા રીવાજ મુજબના
બુદ્ધિથી કરાતા પર્વો, છોડવા જોઇએ તેવાને મિથ્યાત્વ—જુઠ
કહેલું છે તેના બે પ્રકાર છે - ૧ દેવગત મિથ્યાત્વ,—૨ ગુર
મિથ્યાત્વ, આ બન્ને મિથ્યાત્વના બબ્બે પ્રકાર છે ૧ લૌકિક દેવ
મિથ્યાત્વ, ૨ લોકોત્તર દેવગત મિથ્યાત્વ, ૨ લૌકિકગુરૂગત મિ
અને ૨ લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ.

૧ લૌકિક દેવગત મિથ્યાત્વઃ—બતાવેલા સ્વરૂપ વિરૂદ્ધ
આકૃતિવાળા તમામ દેવ દેવિઓ વિગેરેને માનવા

૨ લોકોત્તર દેવગત મિથ્યાત્વઃ—આ જન્મની આશાઓ
વીતરાગની માનતા પૂજા કરવી જેમ ભોયણીના મલ્લીનાથ
અને કેસરીયાજી તેમજ જિનેશ્વરની મૂર્તિ અન્ય ધર્મવાળાએ નાંખા

પૂજવા માંડી હોય તેની પૂજા કરવી જેમ ઋદ્ધિનાથ અને જગન્નાથપુરીમાં

૩ લૌકિક ગુરૂગત મિથ્યાત્વઃ—સાધુ ગુણોમાં બતાવેલા સત્તાવીસ ગુણ વિનાના કોઈ પણ ધર્મના ધર્મગુરૂને ગુરૂ માનવા. **લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વઃ**—જૈન શ્રમણનો વેશ ધારણ કરે પરન્તુ વ્રતોનું પાલન કરવામાં ખામીઓ હોય કે બીલકુલ ન પાળે તેને ગુરૂ માનવા.

ગુણરહિત દેવ કે ગુરૂને આત્મોદ્ધારક દેવ ગુરૂ તરીકે ન માનવા અને દયા રહિત ધર્મને ધર્મ તરીકે ન માનવો તે સમકિત. મિથ્યાત્વના તહેવારો વિસ્તારથી જોવા હોય તેણે મિથ્યાત્વકુલક અને [illegible] સૂત્રના અર્થની ચોપડી જોવી.

પાઠ ૩૮મો.

અભ્યાસનો સારાંશઃ—

चत्तारिमंगलं अरिहंतामंगलं। सिद्धामंगलं साहूमंगलं। केवलीपन्नत्तो धम्मोमंगलं॥ चत्तारिलोगुत्तमा अरिहंता लोगुत्तमा सिद्धालोगुत्तमा साहूलोगुत्तमा केवलीपन्नत्तो धम्मो लोगुत्तमो॥ चत्तारि सरणं पवज्जामि अरिहंतं सरणं पवज्जामि सिद्धं सरणं पवज्जामि साहूसरणं पवज्जामि केवलीपन्नत्तं धम्मं सरणं पवज्जामि.

[illegible]

सामायकसूत्र-सार्थ.

१ पंच मंगल महा सुयखंध सूत्त

નમો અરિહંતાણં—૧ અરિહંતને નમું છું. **નમો સિદ્ધાણં**—૨ સિદ્ધોને નમું છું. **નમો આયરિયાણં**—૩ આચાર્યોને નમું છું. **નમો ઉવજ્ઝાયાણં**—ઉપાધ્યાયોને નમું છું. **નમો લોએ સવ્વ સાહુણં** વિશ્વવર્તિ સર્વ સાધૂઓને નમું છું

अनुष्टुपवृत्त

એસો પંચ નમુક્કારો— આ પાંચ નમસ્કારો.
સવ્વ પાવપ્પણાસણો— સર્વ પાપનો નાશ કરનારા છે.
મંગલાણં ચ સવ્વેસિં— સર્વ મંગળોમાં.
પઢમં હવઈ મંગલં ॥૧॥ પહેલુ મંગળ થાય છે.

२ गुरुठवणासूत्त

आर्यछंद

પંચિંદિય સંવરણો, તહ નવ વિહ બંભચેર ગુત્તિ ધરો;
ચઉ વિહ કસાય મુક્કો, ઈઅ અઠારસ ગુણેહિં સંજુત્તો. ૧

અર્થ:—પાંચ ઈંદ્રિયોને સમ્યગ્ અટકાવનાર, તેમજ નવ પ્રકારની બ્રહ્મચર્ય ગુપ્તિને ધારણ કરનાર, ચાર પ્રકારના કષાયોને મુકી દેનાર, એ અઢાર ગુણોથી યુક્ત.

પંચ મહવ્વય જુત્તો, પંચ વિહાયાર પાલણ સમત્થો;
પંચ સમિઓ તિ ગુત્તો, છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ. ૨

અર્થ:—પાંચ મહાવ્રતોથી યુક્ત પાંચ પ્રકારના આચારો પાળવા સમર્થ, ત્રણ ગુપ્તિ, અને પાંચ સમિતિઓથી યુક્ત મારા છત્રીસ ગુણવાળા ગુરૂ છે.

३ पणिवाय दंडसूत्त.

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવ-ણિ-જ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ. ૧

અર્થ:—હે ક્ષમાયુક્ત મનવાળા મુનિ! ભક્તિ-પ્રેમથી વંદન માટે આસન ઉપર બીરાજેલાને અત્યંત ધ્યાનપૂર્વક મસ્તકથી નમસ્કાર કરૂં છું

૪ ણિગ્ગંથસમણગુરુસુહપચ્છાસુત્ત

ઇચ્છકાર, સુહરાઇ, સુહદેવસિ, સુખતપ-શરીર નિરાબાધ, સુખ સંજમ જત્તા-નિવ્વહઉ છઉ જી? સ્વામિ શાતા છે જી? ભત્તપાણીનો લાભ દેજો જી.

અર્થ:—હે સ્વામિ! પોતાની ઇચ્છાથી સુખે રાત્રિ, સુખે દિવસ તદ્દન પીડા રહિત શરીરે સુખે તપ, સુખે સંયમ યાત્રા, નિર્વહો છો જી? સાતા છે જી? અન્ન પાણીનો લાભ દેજો જી.

૫. પડિક્કમણસુયક્ખંધ.

અભ્યુપગમ સંપદા:—૧ ઇચ્છાકારેણ સંદિસહ ભગવં ઇરિયા વહિયં પડિક્કમામિ? ઇચ્છં; ઇચ્છામિ પડિક્કમિઉં.

અર્થ:—હે ભગવાન? પોતાની ઇચ્છાથી આજ્ઞા આપો. હું માર્ગમાં ગતિ કરતાં થએલા પાપોથી પાછો ફરવા ઇચ્છું છું. (ગુરૂ આજ્ઞા આપે-પડિક્કમેહ-પ્રતિક્રમણ કર) એટલે એમજ ઇચ્છું છું પડિક્કમવા,

૨ નિમિત્ત સંપદા—ઇરિયા વહિયાએ વિરાહણાએ ૨ અર્થ:—ચાલતાં શરીરથી વિરાધાએલાનું.

૩ ઓઘ હેતુ સંપદા—ગમણાગમણે—(૩) જવા આવવાથી.

૪ ઇતર હેતુ સંપદા—પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા-સંતાણા સંકમણે; અર્થ:-પ્રાણી સમુહોને દાબ્યાં, બીજ સમુહોને દાબ્યા, લીલી વનસ્પતિને દાબી, કાર ઉપર ચાલ્યો, કીડીઓના સમુહોને દાબ્યા, પાંચ વર્ણની સેવાળ ઉપર ચાલ્યો, કાચુ પાણીમાં અને માટીના ઢગલા ઉપર ચાલ્યો. કરોળીઆના સમુહરૂપ ચપટ ગોળ સંપુટ દાબ્યું.

૫ સંગ્રહ સં૦—જેમે જીવા વિરાહિઆ; અર્થ:—એમાંના જે જીવોને મેં દુઃખી કર્યા હોય વા માર્યા હોય.

૬ જીવ સં૦—એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા; અર્થ:—એકેંદ્રિઓવાળા બે ઇન્દ્રિઓવાળા, ત્રણ ઇંદ્રિઓવાળા, ચાર ઇંદ્રિઓવાળા, પાંચ ઇંદ્રિઓવાળા.

૭ વિરાધના સં૦ અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિઆ જીવિયાઓ વવરોવિઆ તસ્સ મિચ્છા મિ દુક્કડં

અર્થ:—માર્યા, ભેગા કર્યા, ક્ચર્યા, શરીરે શરીર મેળવ્યાં, ઉઢ્ઢટમાં લી... ...ણ્યા. ત્રાસ પમાડ્યા, એક સ્થાનથી બી... પીડા ઉત્પન્ન કરી, વ...

સ્થાનમાં મુકયા. જીવોનાથી જુદા કર્યા, તેનું દુષ્કૃત મારૂં મિથ્યા થાઓ.

૮ પાવનિર્ઘાતણ સંપદા—તસ્સ ઉત્તરી કરણેણં, પાયચ્છિત્ત કરણેણં વિસોહીકરણેણં વિસલ્લીકરણેણં પાવાણં કમ્માણં, નિગ્ઘા-યણટ્ઠાએ, ઠામિકાઉસ્સગ્ગં; અર્થ:—તે પાપોના ઉત્તર ક્રિયા કરવા માટે, પ્રાયશ્ચિત કરવા માટે, વિશોધન ક્રિયા કરવા માટે, શલ્ય રહીત કરવાને માટે, અને પાપકર્મોનો નાશ કરવાને માટે શરીર ક્રિયાનો ત્યાગ કરી હું રહું છું.

ચૂલિકા

૯ અન્નથ ઉસસિએણં, નિસસિએણં. ખાસિએણં છીએણં જંભા-ઇએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં ભમલીએ પિત્તમુચ્છાએ
૧ અર્થ:—નીચે જણાવેલી બાબતો, ઉચ્છ્વાસ આવે, નિશ્વાસ મુકાય છીંક આવે, બગાસું આવે, ઓડકાર આવે, અધો વાયુ ગતિ કરે આવે અથવા પિત્તથી મૂર્છા આવે.

૧૦ સુહુમેહિં અંગ સંચાલેહિં સુહુમેહિં ખેલ સંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. ૨. સૂક્ષ્મ શરીર હાલવાથી સૂક્ષ્મ શ્લેષ્મ સં... સૂક્ષ્મ દ્દષ્ટિ સંચારથી.

૧૧ એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ, કાઉસ્સગ્ગો—૩ અર્થ:—એ વિગેરે છુટથી અભંગ અને ... વગરનો મારો કાઉસગ્ગ થાઓ.

૧૨ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ: જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર પૂર્વક પારૂં નહીં

૧૩ તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં ...
અર્થ:—ત્યાં સુધી શરીરને સ્થાનથી ખસેડું નહીં, મન ... ખસેડું નહીં અને આત્માને અન્ય કાર્યોથી અલગ રા...

णामत्थय ॥

આર્યાછંદ

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે:
અરિહંતે કીત્તઇસ્સં ચઉવીસંપિ કેવલી.

અર્થ:—વિશ્વના સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરનારા, ધર્મ ... કરનારા, રાગ દ્વેષ જિતનારા, વિદ્યમાન ચાલુ કાળમાં ... અરિહંતોની સ્તુતિ કરીશ.

ઉસભ મજિઅં ચ વંદે, સંભવ મભિણંદણં ચ સુમઇં ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨

અર્થ—ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન દેવ, સુમતિનાથ વંદન કરૂં છું. પદ્મપ્રભુ સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભુને વંદન કરૂં છું. ૨

સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ-સિજ્જંસ-વાસુપુજ્જં ચ;
વિમલ-મણંતં ચ જિણં, ધમ્મં-સંતિં ચ વંદામિ. ૩

અર્થ—પુષ્પની કળી જેવા દાંત છે જેમના તે સુવિધિનાથ, શીતલનાથ શ્રેયાંસનાથ, વાસુપૂજ્યદેવ; વિમલનાથ અનંતનાથ જિન, અને ધર્મનાથ તથા શાંતિનાથને વંદન કરૂં છું.

કુંથું અરંચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪

અર્થ—કુંથુનાથ અરનાથ મલ્લિનાથ મુનિસુવ્રતસ્વામિ, અને નમિજિનેશ્વર ને વંદન કરૂં છું. અરિષ્ટનેમિ પાર્શ્વનાથ તેમજ વર્ધમાન જિનને વંદન કરૂં છું. ૪

એવં મએ અભિથુઆ, વિહુય રય મલા પહીણ જર મરણા;
ચઉ વીસંપિ જિણવરા, તિત્થયરા મે પસિયંતુ; ૫

અર્થ—એ પ્રમાણે મારાથી સ્તુતિ કરાએલા, જેમણે રજ ને કર્મ રૂપી મેલનો ત્યાગ કર્યો છે અને તેથી ઘડપણ અને મરણ નાશ પામ્યાં છે તેવા ચોવીસે જિનવરો તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ. ૫

કિત્તિઅ વંદિઅ મહિયા; જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરૂગ્ગ બોહિલાભં, સમાહિ વરમુત્તમં દિંતુ; ૬

અર્થ—એ પ્રમાણે મારા વડે કીર્તન કરાએલા, વંદાએલા મહાત્મ્ય ગવાએલા અને જેઓની વિશ્વમાં પણ ઉત્તમતા સિદ્ધ છે તેઓ મને નિરોગીના બોધિલાભ, અને શ્રેષ્ઠ સમાધિ આપો. ૬

ચંદેસુ નિમ્મલયરા આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગર વર ગંભીરા, સિદ્ધાસિદ્ધિં મમ દિસંતુ. ૭

અર્થ—ચંદ્ર કરતાં પણ અત્યંત નિર્મલ, સૂર્યના કરતાં પણ અધિક પ્રકાશનારા, મહાસાગરના જેવા ગંભીર સિદ્ધો મને સિદ્ધિ આપો. ૭

[illegible]

[illegible] તસ્સ ઉત્તરી કરણેણં, પાયછિત્ત કરણેણં, [illegible] પાવાણં કમ્માણં, નિગ્ઘા-
યણટ્ઠાએ, ઠામિ કાઉસગ્ગં; અર્થ:—તે પાપોની ઉત્તર ક્રિયા કરવા માટે, પ્રાયશ્ચિત્ત કરવા માટે, વિશોધન ક્રિયા કરવા માટે, શલ્ય રહીત ક્રિયાનો કરવાને માટે, અને પાપકર્મોનો નાશ કરવાને માટે [illegible] છું.

ચૂલિકા

૯ અન્નત્થ ઉસસિએણં, નિસસિએણં, ખાસિએણં છીએણં જંભાઇએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં ભમલીએ પિત્તમુચ્છાએ.
૧ અર્થ:—બીજી જરૂરીયાતો, ઉચ્છ્વાસ આવે, નિશ્વાસ મુકાય છીંક આવે, બગાસુ આવે, ઓડકાર આવે, અધો વાયુ ગતિ કરે ચક્કર આવે અથવા પિત્તથી મૂર્છા આવે.

૧૦ સુહુમેહિં અંગ સંચાલેહિં સુહુમેહિં ખેલ સંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. ૨. સૂક્ષ્મ શરીર હાલવાથી સૂક્ષ્મ શ્લેષ્મ સંચારથી સૂક્ષ્મ દ્રષ્ટિ સંચારથી.

૧૧ એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસગ્ગો—૩ અર્થ:—એ વિગેરે છુટથી અભંગ અને વિરાધના વગરનો મારો કાઉસગ્ગ થાઓ.

૧૨ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ; અર્થ:—જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર પૂર્વક પારૂં નહીં

૧૩ તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ; અર્થ:—ત્યાં સુધી શરીરને સ્થાનથી ખસેડુ નહીં, મનને ધ્યાનથી ખસેડુ નહીં અને આત્માને અન્ય કાર્યોથી અલગ રાખું છું.

णामत्थय ॥

आर्याछंद

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કીત્તઇસ્સં ચઉવીસંપિ કેવલી. ૧

અર્થ:—વિશ્વના સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરનારા, ધર્મની મર્યાદા કરનારા, રાગ દ્વેષ જિતનારા, વિદ્યમાન ચાલુ કાળમાં થએલા સર્વ અરિહંતોની સ્તુતિ કરીશ.

ઉસભ મજિયં ચ વંદે, સંભવ મભિણંદણં ચ સુમઈ ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨

અર્થ—ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન દેવ, સુમતિનાથને વંદન કરૂં છું. પદ્મ પ્રભુ સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભુને વંદન કરૂં છું. ૨

સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ-સિજ્જંસ-વાસુપૂજ્જં ચ;
વિમલ-મણંતં ચ જિણં, ધમ્મં-સંતિં ચ વંદામિ. ૩

અર્થ—પુષ્પની કળી જેવા દાંત છે જેમના તે સુવિધિનાથ, શીતલનાથ શ્રેયાંસનાથ, વાસુપૂજ્યદેવ; વિમલનાથ અનંતનાથ જિન, અને ધર્મનાથ તથા શાંતિનાથને વંદન કરૂં છું.

કુંથું અરંચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪

અર્થ—કુંથુનાથ અરનાથ મલ્લિનાથ મુનિસુવ્રતસ્વામિ, અને નમિજિનેશ્વરને વંદન કરૂં છું. અરિષ્ટનેમિ પાર્શ્વનાથ તેમજ વર્ધમાન જિનને વંદન કરૂં છું. ૪

એવં મએ અભિત્થુઆ, વિહુય રય મલા પહીણ જર મરણા;
ચઉ વીસંપિ જિણવરા, તિત્થયરા મે પસિયંતુ; ૫

અર્થ—એ પ્રમાણે મારાથી સ્તુતિ કરાએલા, જેમણે રજ ને કર્મ ખંખેરી નાખી મલનો ત્યાગ કર્યો છે અને તેથી ઘડપણ અને મરણ નાશ પામ્યાં છે તેવા ચોવીસ જિનવરો તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ. ૫

કિત્તિઅ વંદિઅ મહિયા; જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરૂગ્ગ બોહિલાભં, સમાહિ વરમુત્તમં દિંતુ; ૬

અર્થ—એ પ્રમાણે મારા વડે કીર્તન કરાએલા, વંદાએલા મહાત્મ્ય ગવાએલા અને જેઓની વિશ્વમાં પણ ઉત્તમતા સિદ્ધ છે તેઓ મને નિરોગીતા બોધિલાભ, અને શ્રેષ્ટ સમાધિ આપો. ૬

ચંદેસુ નિમ્મલયરા આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગર વર ગંભીરા, સિદ્ધાસિદ્ધિં મમ દિસંતુ. ૭

અર્થ—ચંદ્ર કરતાં પણ અત્યંત નિર્મલ, સૂર્યના કરતાં પણ અધિક પ્રકાશનારા, મહાસાગરના જેવા ગંભીર સિદ્ધો મને સિદ્ધિ આપો. ૭

ઉસભ મજિયં ચ વંદે, સંભવ મભિણંદણં ચ સુમઇં ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨

અર્થ—ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન દેવ, સુમતિનાથને વંદન કરૂં છું. પદ્મ પ્રભુ સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભુને વંદન કરૂં છું. ૨

સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ-સિજ્જંસ-વાસુપૂજ્જં ચ;
વિમલ-મણંતં ચ જિણં, ધમ્મં-સંતિં ચ વંદામિ. ૩

અર્થ—પુષ્પની કળી જેવા દાંત છે જેમના તે સુવિધિનાથ, શીતલનાથ શ્રેયાંસનાથ, વાસુપૂજ્યદેવ: વિમલનાથ અનંતનાથ જિન, અને ધર્મનાથ તથા શાંતિનાથને વંદન કરૂં છું.

કુંથું અરંચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪

અર્થ—કુંથુનાથ અરનાથ મલ્લિનાથ મુનિસુવ્રતસ્વામિ, અને નમિજિનેશ્વર ને વંદન કરૂં છું. અરિષ્ટનેમિ પાર્શ્વનાથ તેમજ વર્ધમાન જિનને વંદન કરૂં છું. ૪

એવં મએ અભિથુઆ, વિહુય રય મલા પહીણ જર મરણા;
ચઉ વીસંપિ જિણવરા, તિત્થયરા મે પસિયંતુ; ૫

અર્થ—એ પ્રમાણે મારાથી સ્તુતિ કરાએલા, જેમણે રજ ને કર્મ પાંચોરી નાખી મલના ત્યાગ કર્યો છે અને તેથી ઘડપણ અને મરણ નાશ પામ્યા છે તેવા ચોવીસ જિનવરો તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ. ૫

કિત્તિય વંદિય મહિયા; જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરૂગ્ગ બોહિલાભં, સમાહિ વરમુત્તમં દિંતુ; ૬

અર્થ—એ પ્રમાણે મારા વડે કીર્તન કરાએલા, વંદાએલા મહાત્મ્ય ગવાએલા અને જેઓની વિશ્વમાં પણ ઉત્તમતા સિદ્ધ છે તેઓ મને નિરોગીતા બોધિલાભ, અને શ્રેષ્ટ સમાધિ આપો. ૬

ચંદેસુ નિમ્મલયરા આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગર વર ગંભીરા, સિદ્ધાસિદ્ધિં મમ દિસંતુ. ૭

અર્થ—ચંદ્ર કરતાં પણ અત્યંત નિર્મલ, સૂર્યના કરતાં પણ અધિક પ્રકાશનારા. મહાસાગરના જેવા ગંભીર સિદ્ધો મને સિદ્ધિ આપો. ૭

સામાઇય દંડસૂત્ત.

કરેમિ ભંતે ? સામાઇયં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણું, મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ તસ્સ ભંતે ? પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

અર્થ—હે પૂજ્ય ગુરૂજી ? હું સામાયક કરૂં છું. તેથી પાપોત્પાદક યોગોની પ્રતિજ્ઞા કરૂં છું. તે જ્યાં સુધી નિયમ પાળુ ત્યાં સુધી બે પ્રકારે અને ત્રણ પ્રકારે, મનથી વચનથી અને કાયાથી ન કરૂં અને ન કરાવું, તે સાવદ્યયોગોથી હે પૂજ્ય ? પાછો ફરૂં છું. આત્મસાક્ષીએ નિંદુ છું અને ગુરૂ સમક્ષ નિંદુ છું અને આત્માને તે પાપોથી દુર રાખુ છું.

૮ સામાઇય સમત્તસૂત્ત

આર્યાછંદ

સામાઇયવય જુત્તો, જાવ મણે હોઇ નિયમ સંજુત્તો;
છિન્નઇ અસુહં કમ્મં, સામાઇઅ જત્તિઆ વારા. ૧
સામાઇયમ્મિ ઉકએ, સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા;
એએણ કારણેણું, બહુસો સામાઇયં કુજ્જા. ૨

અર્થ—જ્યાં સુધી સામાયક વ્રત યુક્ત હોય અને જ્યાં સુધી મન નિયમ યુક્ત હોય ત્યાં સુધી જેટલી વખત સામાયક કરે તેટલી વખત અશુભ કર્મનો નાશ કરે છે જેથી સામાયક કર્યે શ્રાવક સાધૂ જેવો થાય છે એ વિગેરે કારણોથી ઘણી વખત સામાયક કરવો.

દશ મનના, દસ વચનના, બાર કાયાના એ બત્રીસ દોષમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિ મન-વચન-કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

સમાપ્ત.

મહાવીર જયંતિ માટે પ્રેરક ગીત.



*જૈનો જાગો જાગોને આજે, જનમ્યા વર્ધમાન છે આજે;
ભારત ભૂષણ સમ સોહે, તેની મૂર્તિ જગ મન મોહે. —જૈનો૦
સંત વીર થયા કેઈ કોડ, તેમાં વીર તણી નહી જોડ;
આતમ વીર થયા શ્રીવીર, તુમે થાઓ ધીર ને વીર. —જૈનો૦
દુઃખીયાના દુઃખ કર્યા દુર, તેમ તમે પણ કરજો તુર;
ધર્મચક્રવર્તી એ વીર, તેમ થાઓ તમે પણ વીર. —જૈનો૦
ગણુ રાજવી છો તમે વીર, છતાં વીરતા વીસારી ચીર;
કુલ તુમ હૈહય પ્રખ્યાત, કેમ ભૂલી ગયા તમે ભ્રાત. —જૈનો૦
હાક વાગતી જ્યારે તમારી, ત્યારે ભૂમી કંપતી સારી;
એ શૌર્ય તમે જ સાંભરો, જેથી દુર્બલતાને વિસારો. —જૈનો૦
જાત વીરને વીરના પુત્ર, તમે વીરતા છોડી સર્વત્ર;
કંટક શીક્ષા યુદ્ધને કીધુ, જગ માંહી અતીવ પ્રસિધ્ધુ. —જૈનો૦
દેશ રાષ્ટ્ર જાતિને ધર્મ, તેની રક્ષા વિસારી પરમ;
છોડો નિદ્રા હવે તમે જાગો, જાતિ રાષ્ટ્રના ધર્મને રાખો. —જૈનો૦
ઘરઘોડીયા થઈને શું બેઠા, મુખ સંતાડી ખુણેજ પેઠા;
જુઓ વીર થયા નર મોટા, ચાંપરાજ એ સર્વથી મોટા. —જૈનો૦
ગણેતા મુંજાલ શાન્તુ પ્રધાન, યશોપાલ મંત્રી સુજાણ;
વિજયા રાખ્યા ભૈરવ શાહ, જેણે કેદી છોડાવ્યા અથાહ. —જૈનો૦
ધન માલ ને ઘોડા આપ્યા, પોતે મૃત્યુ લેવાને ઢુક્યા;
સાસક તો વીર ભગવાન, તુમ જાતિ તો વીરતા પ્રધાન. —જૈનો૦
લુટવા જે આવે લુંટારા, તેને મારી હઠાવો હુલારા;
તમે પાળો તો દીન જનોને, શકે દંડો તો પુણ્ય તમોને. —જૈનો૦
ગૌરવથી ગરવા થાઓ, શ્રેષ્ઠ ધર્મને જાત દીપાવો;
વીર નારીઓ જે થઈ મોટી, ધર્મ માટે તે દુઃખડાં સહેતી. —જૈનો૦
ઈજ્જતને તરણા તોલ ગણતી, ત્યારે ધર્મને તે સાચવતી;
બીકણતા તમે કેમ ધારી, આવુ તોય ન બીક વિદારી —જૈનો૦

---

*સંવત ૨૦૦૫ના ચૈત્ર સુદિ ૧૩ પ્રાંતિજ શ્વેતાંબર દિગંબર સ્થાનકવાસી સમગ્ર જૈન સંઘે ઉજવેલી જયંતિ પ્રસંગે કર્તાએ ગોઠવેલું પ્રેરક ગીત.

[illegible] પ્રોછો ભૂર;
[illegible] છે તુમરાજ. —જૈતો०
[illegible] ગુણની પેટી;
[illegible] પાથરતી. —જૈતો०
[illegible] લાગી;
[illegible] સિદ્ધાન્તો [illegible]. —જૈતો०
[illegible] રાજ;
[illegible] રૂપ. —જૈતો०
[illegible]
[illegible] —જૈતો०
[illegible] સુખ:
[illegible] —જૈતો०
[illegible]
[illegible] —જૈતો०
[illegible] હોય.
[illegible] હોય. —જૈતો०
[illegible] વીર [illegible]
[illegible] શાન્તિ. —જૈતો०
[illegible]



લેખકે લખેલા અને સંશોધન કરેલા છપાવવા લાયક તૈયાર ગ્રંથો.

૧ જૈન દૃષ્ટિએ મતિજ્ઞાન:—જેમાં મતિજ્ઞાન વિષે વિચાર કરવામાં આવ્યો છે.

૨ સુમતિનાથ ચૈત્યદેવ પ્રબંધ:—જેમાં માતરમાં સ્થપાએલા સુમતિનાથ વિહારની તમામ વિગત મૂર્તિઓ ઉપરના લેખો સાથે આપવામાં આવી છે. આમાં ત્યાંના સંઘ મુખ્ય મરહુમ શાહ ખીમચંદ ભાઈએ પ્રસિદ્ધ થએલી ચોપડીઓની ભૂલો સુધરાવી છે.

૩. સમ્રાટ્ પ્રિયદર્શિ શું અશોક છે?—ભારતનાં જુદાં જુદાં સ્થાનોમાં આવેલા સમ્રાટ્ અશોકના શાસનોને નામે પ્રખ્યાત થએલા લેખોની પર્યાલોચના ભાવ અને નૂતન સંશોધન સાથે.

૪ તેતલ મંત્રી રાસ—

૫ પુરંદર કુમાર ચોપાઈ—માલદેવ મુનિકૃત—અર્થ સાથે.

૬ ધર્મવીર પદ્મ શ્રી (નાટક) જેમાં તાત્વિક ચર્ચાઓ ઉતારવામાં આવી છે.

તૈયાર થતો ગ્રંથ.

૧ વૈદકસાર રત્નપ્રકાશ ચોપાઇ—મુનિ—લક્ષ્મી કુશલ કૃત—આ પુસ્તક બે જુની પ્રતો ઉપરથી શોધન કરવામાં આવ્યું છે તે ગૃહસ્થોને ગૃહજીવનમાં અતીવ ઉપયોગી થઈ પડે તેવું બીજા ગ્રંથો કરતાં નાનું માત્ર બેહજાર કડીનું અનુવાદ સાથે પ્રસિદ્ધિ કરતાં રૂપીઆ ૨૫) કીમતનું પુસ્તક થવા સંભવ છે. મોંઘવારીના સબબે અમે તેને કટકે કટકે પ્રસિદ્ધ કરવા ઇચ્છીએ છીએ જેઓ પોતાના તરફથી છપાવી મફત વહેંચવા ઇચ્છતા હોય તેઓએ લેખક સાથે પત્રવ્યવહાર કરવો.

શિરનામું ઠામ—

વૈદ્ય-ચીમનલાલ લલ્લુભાઇ ઝવેરી.

પાડાપોળ, (એ. પી. રેલ્વે.) મુ. પ્રાંતિજ.